# કોલવડામાં રાજરાજેશ્વરી માતાજીના મંદિરે નવચંડી મહાયજ્ઞ યોજાશે

કોલવડા ગામની પાવન ભૂમિ પર શ્રી રાજ રાજેશ્વરી મેલડી માતાજીના ૧૪મા પાટોત્સવ નિમિત્તે નવચંડી મહાયજ્ઞ યોજવામાં આવશે. કોલવડા ગામમાં મણિબા બળદવજી જોરાજી વાઘેલાની પરમ કૃપાળુ ભગવતી માં મેલડી, જહુ,ચંદા, સિકોતર માતાની કૃપાથી રાજરાજેશ્વરી મેલડી માતાજીના ૧૪મા પાટોત્સવ નિમિત્તે નવચંડી મહાયજ્ઞનો સવારે ૯ વાગે તા. ૩જીના રોજ પ્રારંભ કરવામાં આવશે સાંજે ૪.૧૫ વાગે યજ્ઞમાં શ્રીફળ હોમાશે.સાંજે ૫.૧૫ મહાપ્રસાદ લેવામાં આવશે. પધારેલા માતાજીના ભુવાજી-સેવકોનું સામૈયું રાત્રે ૯ના ટકોરે આગમનથી કરવામાં આવશે. માતાજીની રમેણ (જાતર) રાત્રે ૯ વાગ્યાથી શરૂ થશે અને તા. ૪થીના રોજ સવારે ૭ વાગે માતાજીના પિયાલા પિવામાંઆવશે સમગ્ર કાર્યક્રમ છત્રસિંહ અણદાજી વાઘેલા મેલડી-જહુ નિવાસ મેલડી માતાજીના મંદિરે યોજવામાં આવશે.

**વડીલોને વંદન**

**અભિનંદન**



રણજીત દેસાઈ
(૧૯૩૫) મો. ૯૮૨૫૧૯૫૮૯૪



(તસવીર : કમલેશ શાહ)

## પાણી બચાવોના સંદેશ સાથે મહોલ્લા માતા

વિશ્વમાં દિન પ્રતિદિન પીવાના શુદ્ધ પાણીનો વેડફાટ વધવાને કારણે જળસંકટનો ખતરો વધતો જાય છે. આ નવરાત્રીમાં વાવોલના શાલીન-૪ ફલેટના બાળકોએ મહોલ્લા માતાની સાથે જળ સળસંચયનું મોડેલ બનાવ્યું છે. આ મોડેલમાં તેમણે કુદરતી જળસ્ત્રોતો સંગ્રહ જરુરિયાત મુજબ વાપરવાનો સંદેશ પાઠવ્યો છે. નવરાત્રી પર્વમાં બાળકો ગબ્બર બનાવી મહોલ્લા માતાની સ્થાપના દ્વારા ભકિત સાથે સર્જનાત્મકતાના પાઠ પણ શીખી રહ્યાં છે.

# આજથી ગાંધીનગર શહેર સહિત જિલ્લાના વિવિધ સ્થળોએ સફાઈ ઝૂંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧

સમગ્ર ભારત દેશમાં તા. ૨ જી ઓકટોબર, ૨૦૧૪, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ થનાર છે. જે અંતર્ગત આજરોજ જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે સ્વચ્છતા શપથ સમારોહ યોજાયો હતો.જેમાં ઉપસ્થિત જિલ્લાના અધિકારી - કર્મચારીશ્રીઓ અને નગરજનોને જિલ્લા કલેકટર શ્રી રવિશંકર દ્વારા સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા હતા.

તા.૦૨ ઓકટોબર, ૨૦૧૯ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ છે. રાષ્ટ્રપિતાની ૧૫૦મી જન્મ જયંતિએ સ્વચ્છતા ત્યાં-ભુતાની અમૂલ્ય ભેટ આપવાના ઉમદા આશયથી સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત અભિયાન કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. તા. ૦૨ ઓકટોબર, ૨૦૧૪થી સમગ્ર દેશ સહિત ગુજરાત રાજયમાં સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ થનાર છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ટુંકા, મધ્યમ અને લાંબા ગાળાના સુચારું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત મધ્યમ ગાળાનું આયોજન બે વર્ષનું રહેશે. જેમાં ખુલ્લામાં શોચથી સંપૂર્ણ મુક્તિનું અભિયાન મહત્વનું રહેશે. તે ઉપરાંત લાંબા ગાળાનું આયોજન ૫ વર્ષનું હશે. જેમાં ઝીરો



વેસ્ટ ગુજરાતને સાર્થક કરવામાં આવશે. ટુંકા ગાળાના આયોજન અંતર્ગત સ્વચ્છ ભારત સપ્તાહ, ડોર ટુ ડોર અભિયાન અને નાના મોટા રીપેરીંગ, જરૂરી રંગરોગાન, પ્લાન્ટેશન અને બ્યુટીફીકેશનનું અભિયાન હાથ પર લેવામાં આવનાર છે.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયલ સ્વચ્છતા શપથ સમારોહમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડિયા, ગાંધીનગર -ંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ સહિત જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારી-કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

## જાહેર ખબર

**પોલીસ અધિક્ષકની કચેરી, સેક્ટર-૨૭, ગાંધીનગર**

સને : ૨૦૧૪-૨૦૧૫ના વર્ષ માટે અત્રેની કચેરીની કોમ્પ્યુટર શાખા તથા પોલીસ સ્ટેશનોના કોમ્પ્યુટરોને લગતી આઈટમોની ખરીદી તેમજ ટોનર / કાર્ટિઝ રીફીલીંગ તથા યુ.પી.એસ. બેટરી અને પરચુરણ ખરીદી માટેની જાહેર ખબર આપવામાં આવે છે.

(૧) કોરા ટેન્ડર ફોર્મ જરૂરીયાત, બોલી અને શરતો સાથેનું તા. ૭/૧૦/૨૦૧૪ સુધી કચેરી સમય દરમિયાન જાહેર રજાના દિવસો સિવાય ક. ૧૭-૦૦ સુધી અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાંથી રૂ. ૧૦૦/- જમા કરાવી મેળવી શકાશે.

(૨) ભરેલા ટેન્ડર ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦/૧૦/૨૦૧૪ કલાક ૧૭-૦૦ સુધી અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાં સ્વીકારવામાં આવશે.

(૩) ભરેલા ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ ૧૩/૧૦/૨૦૧૪ કલાક ૧૨-૦૦ વાગ્યાનો રહેશે.

(૪) ટેન્ડર સાથે ટેન્ડર ભરનારે રૂ. ૨૦૦૦૦/- ઈ.એમ.ડી.ના પોલીસ અધિક્ષક ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરવાનો રહેશે.

**સ્થળ : ગાંધીનગર** — **સહી/- (શરદ સિંઘલ)**
**તારીખ : ૧/૧૦/૧૪** — **પોલીસ અધિક્ષક**
**માહિતી/૧૩૬૪/૧૪-૧૫** — **ગાંધીનગર**

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મોડાસા

**ટેન્ડર નોટીસ -૬ (૨૦૧૪-૧૫)**

ઔ.તા. સંસ્થા, મોડાસા, જી. અરવલ્લીના CTS અંતર્ગતના જુદા જુદા ટ્રેડો માટે જરૂરી ઈલેક્ટ્રીકલ ટુલ્સ ઈક્વીપમેન્ટ ખરીદવાના થતા હોઈ અધિકૃત વિક્રેતાઓ, ઉત્પાદકો, સપ્લાયરો પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ટે. નં. | ટેન્ડરની વિગત | ટેન્ડર ફી રૂપિયા | બાનાની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૬. | ઈલેક્ટ્રીકલ ટુલ્સ ઈક્વીપમેન્ટ | ૫૦૦/- | ૧૫૦૦૦/- |

જે અંગેના કોરા ટેન્ડર ફોર્મ કચેરી સમયમાં ૧૧ થી ૧૬ કલાક સુધી તારીખ : ૩૦/૯/૨૦૧૪થી ૨૦/૧૦/૨૦૧૪ સુધી જાહેર રજા સિવાયના દિવસોમાં રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૨૧/૧૦/૨૦૧૪ના બપોરના ૧૩ કલાક સુધીમાં મળે તે રીતે પહોંચતા કરવાના રહેશે. કોરા ટેન્ડર ફોર્મ લેવા માટે પાર્ટીએ તેના સેલટેક્ષવાળા લેટરપેડ ઉપર અરજી કરવાની રહેશે. સદર ટેન્ડર અંગેની શરતો ટેન્ડર સાથે આપવામાં આવશે. ઉપરોક્ત ટેન્ડર અંગેના ઓર્ડર આપવા કે રદ કરવા કે ટેન્ડરનો અમુક ભાગ રદ કરવાની સત્તા આચાર્યશ્રી, ઔ.તા. સંસ્થા, મોડાસાની રહેશે. જે સર્વને બંધનકર્તા રહેશે.

**'કૌશલ્ય દ્વારા ઔદ્યોગિત ક્રાંતિ'** — **આચાર્ય**
**ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૨૯/૨૦૧૪** — **ઔ.તા. સંસ્થા, મોડાસા**

## મોંઘવારી ભથ્થુ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પંચાયત, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ સહાયક અનુદાન લેતી બિન સરકારી શાળાઓના કર્મચારીઓ અને પેન્શનરોને મળશે.

રાજ્ય સરકાર દ્વારા દિવાળીના તહેવારો પહેલા જ મોંઘવારી ભથ્થાના દરમાં સાત ટકા વધારાનો લાભ આપવાનો નિર્ણય કરતા કર્મચારીઓમાં આનંદી લાગણી ઉઠવા પામી છે.

**ટ્યૂકડી જાહેર ખબર**

**ટ્યુશન**

સ્વામિ ટ્યુશન ક્લાસની સ્પેશ્યલ બેચ - વિના મૂલ્યે, અંગ્રેજી - ગુજરાતી માધ્યમ. ધો-૧૧ Accountancy માટે (વહેલા તે પહેલાના ધોરણે - મર્યાદિત સંખ્યામાં)

**મો. - ૯૭૧૨૯૬૭૪૮૫**

## કાર્યયોજના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવામાં આવ્યો છે એટલુ જ નહિ ઢોરવાડા માટે ફાળવેલ જમીનનો સોઈલ ટેસ્ટ કર્યા બાદ જ તેનો કબ્જો લેવાનો મહત્વનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકામાં ગુજરાત નગર રચના શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ તેમજ સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો હેઠળ મહાનગરપાલિકાને તાજેતરમાં સોંપાયેલી સત્તાને ધ્યાને લઈ તેના સત્તાધિકારીઓ નિયુક્ત કરવામાં આવ્યા છે.

મહાનગરપાલિકા સ્થાયી સમિતિના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ સત્તા માટેના સક્ષમ સત્તાધિકારીઓ નિયુક્ત કરાયા હતા.

૧૩૫ ચો.મી. ક્ષેત્રફળ સુધીના પ્લોટમાં રહેણાંકના હેતુસર બાંધકામના પ્લાન મંજુર કરવા વિકાસ પરવાનગી તેમજ બી.યુ. પરમીશન આપવાના અધિકારો જુનયિર ટાઉન પ્લાનરને સોંપવામાં આવ્યા છે. ૧૩૫ થી ૪૦૧ ચો.મી. થી ઓછા ક્ષેત્રફળના પ્લોટમાં રહેણાંકના હેતુસરની મંજૂરીઓ નાયબ મ્યુનિ. કમિશનરને સુપ્રત કરવામાં આવી છે.

જ્યારે ૪૦૧ ચો.મી. થી વધુ ક્ષેત્રફળના પ્લોટમાં રહેણાંક, વાણિજ્ય, ઔદ્યોગિક વિગેરે તમામ પ્રકારના બાંધકામની વિકાસની પરવાનગી તેમજ વપરાશ પ્રમાણપત્ર આપવાના અધિકારો મ્યુનિ. કમિશનરને સુપ્રત કરવામાં આવ્યા છે.

આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ હેઠળ વિના મૂલ્યે ઘરદીઠ ડસ્ટબીન ખરીદી કરવા માટે ઈજારદારો સાથે નેગોશિયેશન કરી આખરી નિર્ણય લેવા માટે કમિશનરને સત્તા સોંપવામાં આવી છે.

મનપાના પ્રિન્ટીંગ, હોર્ડિંગ્સ બેનરના કામ માટે ઈજારદારની મુદત વધારવાને બદલે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા બે માસમાં પૂર્ણ કરવા માટે મ્યુનિ. કમિશનરશ્રીને સત્તા સોંપવામાં આવી છે.

આજની આ બેઠકમાં ત્રણ વધારાના કામો પણ છેલ્લી ઘડીએ લેવામાં આવ્યા હતા. જેમાં નાયબ મ્યુનિ. કમિશનરની કચેરીના આધુનિકરણ, સે. ૩૦ માં ઢોરવાડા માટે ફાળવેલ જગ્યાનો સોઈલ ટેસ્ટ કરી કબ્જો લેવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

**ગ્રામનિર્માણ ભવન, જુના વાડજ, અમદાવાદ-૧૩**

રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્યમાં ઉત્પાદીત કરેલા સુતરાઉ, ગરમ, રેશમી ખાદી તથા પોલીખાદીના કાપડ તથા વસ્ત્રના છુટક વેચાણ પર તા. ૨/૧૦/૨૦૧૪ (ગાંધી જયંતિ)થી તા. ૩૧/૩/૨૦૧૫ સુધીના બધા દિવસો માટે ગ્રાહકોને ૧૦% વળતર (રિબેટ) આપવાનું જાહેર કરવામાં આવેલ છે. ખાદી બોર્ડ / ખાદી ગ્રામોદ્યોગ કમીશન માન્ય સંસ્થાઓ પાસેથી ખાદી ખરીદી કરીને ગ્રાહકોને આ લાભ મેળવવા જણાવવામાં આવે છે.

ઓ. રવિ IAS — સદસ્ય સચિવ
વાડીભાઈ બી. પટેલ — અધ્યક્ષ

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS | BENELAVE BATH FITTINGS | DR.FIXIT | VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**


પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય

**તા. ૦૨-૧૦-૨૦૧૪ થી તા.૦૮-૧૦-૨૦૧૪ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.**



**દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દીવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય સમજણથી દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે.**

**– મહાત્મા ગાંધી**

## સંદેશો




I am happy to learn that "Prohibition Week" is being observed by the Government of Gujarat from October 2-8, 2014 on the occasion of Gandhi Jayanti.

Prohibition is a measure which cannot succeed merely by legislative sanction. There is a need to spread awareness about the ill effects of intoxicating drinks. The abuse of alcohol has a major impact on the social and family dynamics that underlie our communities. The problem affects women the most as often alcohol results in domestic violence and diversion of family funds from items of immediate need.

I extend my greetings to all those who are associated with this noble mission and wish the efforts of the State Government to promote Prohibition every success.

**Pranab Mukherjee**
(President of India)



I am happy to know that on the birth anniversary of Mahatma Gandhi, Father of our Nation, Gujarat state is celebrating 'Prohibition Week' from October 2-8, 2014.

Gandhiji had identified consumption of alcohol as a major social evil affecting the health and moral fabric of our society. The observance of 'Prohibition Week' every year helps us recall and reiterate Bapu's message of rejecting this destructive vice.

On Gandhi Jayanti, let us work together to promote awareness among all sections of society about the ills that result from consumption of alcohol.


**M. HAMID ANSARI**
**(Vice-President of India)**



ગુજરાતના પનોતા પુત્ર એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના વિચારો તથા આદર્શોને ચરિતાર્થ કરવાના હેતુથી ગુજરાતમાં મહાત્મા ગાંધીના જન્મ દિવસથી એક અઠવાડિયા માટે નશાબંધી સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી છે. નશો ભલે કોઈપણ સ્વરૂપે હોય, તે માત્ર નશાખોરની એકલાની જિંદગી બગાડતો નથી, પરંતુ એક આખા કુટુંબને બરબાદ કરે છે. ક્ષણિક વ્યક્તિગત આનંદ જો સમગ્ર કુટુંબની સુખ શાંતિ હણી નાખતો હોય અને કુટુંબ તથા સમાજને પણ બરબાદ કરી અધ:પતનની ગર્તામાં ધકેલતો હોય, તો આવી કુટેવને તિલાંજલિ આપવામાં જ સર્વેનું શ્રેય સમાયેલું છે તે સમજવાની જરૂર છે. કોઈપણ દૂષણ સામે જંગ કરી તેને ડામવા માટે જન જાગૃતિ એ શ્રેષ્ઠ ઉપાય છે.

રાજ્યના લોકો નશામુક્તિ થકી ચારિત્ર્યવાન બને તથા સર્વેનું સામાજિક તથા આર્થિક ઉત્થાન થાય તે માટે ગુજરાત રાજ્ય નશાબંધી અને આબકારી ખાતા દ્વારા ઉજવાઈ રહેલા નશાબંધી સપ્તાહની ઉજવણી પ્રસંગે આ મહાજાગૃતિ અભિયાન સાથે સંકળાયેલા સર્વે તથા ગુજરાતની જનતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**(આનંદીબેન પટેલ)**
**(મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)**



વિશ્વ વંદનીય મહાવિભૂતિ પ.પૂ. મહાત્મા ગાંધીજીએ નશાબંધી થકી સ્વસ્થ સમાજ અને ઉન્નત રાષ્ટ્ર નિર્માણનું સ્વપ્ન સેવ્યું હતું. ગુજરાતના આ મહાપુરુષે નશામુક્ત આદર્શ સમાજની કલ્પના કરેલ અને તેમના આ વિચારને મૂર્તિમંત કરવા સમગ્ર દેશમાં ગુજરાત જ એક માત્ર એવું રાજ્ય છે જેણે નશાબંધીનો ચૂસ્તપણે અમલ કર્યો છે. ગુજરાત રાજ્યની શાંત અને સલામત રાજ્ય તરીકે સમગ્ર ભારતમાં ગણના થાય છે. રાજ્ય અને રાજ્ય બહારના નાગરિકો અહીં નવરાત્રી, દીપાવલી, ગણેશોત્સવ, રથયાત્રા, ક્રિસમસ, મહોરમ જેવા વિવિધ ઉત્સવો આનંદ ઉલ્લાસ અને શાંતિથી ઉજવે છે, જેનો યશ અન્ય પરિબળોની સાથોસાથ રાજ્યની નશાબંધી નીતિને પણ જાય છે. આ જ પરિસ્થિતિ કાયમ રહે, ગુજરાતનું નામ હંમેશા શાંત અને સલામત રાજ્ય તરીકે બની રહે, તથા રાજ્યનું યુવાધન બરબાદ થતું બચે, તે માટે રાજ્ય સરકારના નશાબંધી અને આબકારી ખાતા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨-૧૦-૨૦૧૪ થી તા. ૮-૧૦-૨૦૧૪ દરમ્યાન નશાબંધી સપ્તાહની ઉજવણી કરી યુવા પેઢીને નશાબંધી અંગેનો સંદેશ પહોચાડવાની કટિબદ્ધતા સરાહનીય છે.

ગુજરાતના આર્થિક અને સામાજિક વિકાસમાં નશાબંધી હંમેશા એક પ્રેરક અને પૂરકબળ રહ્યું છે. નશાબંધીની તરફેણમાં પ્રજાકીય મત કેળવાય અને એક નશામુક્ત સ્વસ્થ સુદ્રઢ સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ થાય તે માટે હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

**જય જય ગરવી ગુજરાત.**

**(રજની પટેલ)**
**(ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય)**